# મધ્ય ગુજરાત

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩

**દાહોદ કાર્યાલય :** સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785 **ગોધરા કાર્યાલય :** પ્રેમપ્રકાશ ટાવર, બીજો માળ, અંકલેશ્વર મહાદેવ રોડ, ગોધરા. ફોન નં. 7096679080




### ‘ત્રણ ટર્મ’ નિયમથી દિગ્ગજ નેતાઓ પર સંકટ

## પાદરા નગરપાલિકા ચૂંટણી પહેલાં ભાજપમાં ટિકિટ મુદ્દે ઉથલપાથલ

(પ્રતિનિધિ) પાદરા, તા.5
પાદરા નગરપાલિકાની આવનારી સામાન્ય ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. ખાસ કરીને ભારતીય જનતા પાર્ટી (ભાજપ)માં ઉમેદવારી ટિકિટ અંગે ભારે ચર્ચા અને ઉથલપાથલ જોવા મળી રહી છે. પાર્ટીના પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા નક્કી કરાયેલા નિયમોને કારણે અનેક દિગ્ગજ નેતાઓના રાજકીય ભવિષ્ય પર પ્રશ્નચિહ્ન ઊભું થયું છે. ભાજપ દ્વારા જાહેર કરાયેલા નિયમો મુજબ, ત્રણ ટર્મ કે તેથી વધુ વખત ચૂંટણી લડી ચૂકેલા ઉમેદવારોને આ વખતે ટિકિટ આપવામાં નહીં આવે. સાથે જ, એક જ પરિવારથી વારંવાર ચૂંટણી લડનાર ઉમેદવારોને પણ ટિકિટ ન આપવા અંગેનો કડક અભિગમ અપનાવવામાં આવ્યો છે. આ નિયમોનો સીધો પ્રભાવ પાદરા નગરપાલિકાના અનેક વરિષ્ઠ નેતાઓ પર પડી રહ્યો છે. મળતી માહિતી મુજબ, પાદરામાં ઉમેદવાર તથા પરિવારના સભ્યો સાથે ત્રણ અથવા તેથી વધુ ટર્મ લડી ચૂકેલા નેતાઓમાં નયનભાઈ ભાવસાર તેમજ પત્ની શ્રુતિબેન ભાવસાર, રાજુભાઈ રાણા તથા પત્ની સોનલબેન રાણા, સચિન કાળીદાસ ગાંધી તેમજ માતા પ્રતિમાબેન ગાંધી તેમજ પત્ની નીશાબેન ગાંધી, સંજયભાઈ પટેલ તથા ભાઈ ચેતનભાઈ પટેલ અગરબત્તીવાળા, ગૌરાંગ અંબાલાલ સોની તેમજ પિતા અંબાલાલ સોની, ઉપરાંત પરેશભાઈ ગાંધી પત્ની નીશાબેન ગાંધી, રાકેશભાઈ પટેલ પત્ની નિરાલીબેન પટેલ, કૌશિકભાઈ દરજી પત્ની જૈમીનીબેન દરજી, બ્રિજેશ પટેલ તેમજ પત્ની કોમલબેન પટેલ, દિલીપભાઈ વાળંદ તેમજ પત્ની ભાવનાબેન વાળંદ, હેમંત પરમાર, લાલજી રબારી તેમજ પત્ની જશોદાબેન રબારી, મહેશભાઈ રતિલાલ ગાંધી, હિતેશભાઈ ભાવસાર તેમજ પત્ની મનીષાબેન ભાવસાર તેમજ પુત્ર મિહીર ભાવસાર સહિતના ઘણા નેતાઓએ પરિવાર ના સભ્યો સાથે ત્રણ ટર્મ પૂર્ણ કર્યા છે. આ યાદી માં કેટલાક કિસ્સામાં પરિવારના સભ્યો દ્વારા પણ સતત ચૂંટણી લડાતા હોવાના કારણે તેઓ પણ આ નિયમના ઘેરામાં આવે છે.આ પરિસ્થિતિને કારણે ભાજપમાં ખળભળાટ મચી ગયો છે. લાંબા સમયથી સક્રિય અને પ્રભુત્વ ધરાવતા નેતાઓ માટે આ નિયમો પડકારરૂપ બની રહ્યા છે. બીજી તરફ, યુવા કાર્યકર્તાઓમાં આ નિર્ણયને લઈને ઉત્સાહનું વાતાવરણ જોવા મળી રહ્યું છે, કારણ કે તેમને નવી તક મળવાની આશા વધતી જોવા મળી રહી છે.સ્થાનિક રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે જો ભાજપ આ નિયમોને કડકપણે અમલમાં મૂકે છે, તો પાદરા નગરપાલિકામાં મોટા પ્રમાણમાં નવા ચહેરાઓને સ્થાન મળશે. પરંતુ જો નિયમોમાં છૂટછાટ આપવામાં આવે, તો પાર્ટી અંદર અસંતોષ અને વિખવાદ ઊભો થવાની શક્યતા પણ નકારી શકાય નહીં. તે ઉપરાંત “નો રિપીટ થિયરી” લાગુ કરવાની સંભાવનાને લઈને પણ ચર્ચા તેજ બની છે. જો આ સિદ્ધાંત અમલમાં આવે, તો સતત જીતતા આવતાં નેતાઓને ટિકિટથી વંચિત રાખી નવા અને સ્વચ્છ છબી ધરાવતા ઉમેદવારોને તક આપવામાં આવી શકે છે.પાદરા નગરની જનતા પણ હવે પરિવર્તનની અપેક્ષા રાખી રહી છે.

### ભાજપમાં ઉમેદવારી માટે અરજીઓમાં નોંધપાત્ર ઘટાડો

પાદરા નગરપાલિકાની આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઇને રાજકીય ગતિમાનતા વચ્ચે એક રસપ્રદ અને ચર્ચાસ્પદ પરિસ્થિતિ સામે આવી છે. ગત ચૂંટણીની સરખામણીએ આ વખતે ભાજપમાં ઉમેદવારી માટે આવેલા અરજીઓમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે, જે સ્થાનિક રાજકારણમાં અનેક પ્રશ્નો ઉભા કરી રહ્યો છે. ગત વખતે પાદરા નગરપાલિકાની ચૂંટણી દરમિયાન ભાજપ તરફથી ઉમેદવારી પત્ર લેવા માટે આશરે ૨૦૪ કાર્યકરોએ રસ દર્શાવ્યો હતો, જ્યારે આ વખતે આવનારી ૨૬ એપ્રિલની ચૂંટણી માટે માત્ર ૯૧ જેટલા ફોર્મ ભરાયા છે. આ આંકડાકીય તફાવત જોતા સ્પષ્ટ થાય છે કે ભાજપમાં ઉમેદવારી માટેનો ઉત્સાહ લગભગ ૫૦ ટકાથી વધુ ઘટ્યો છે.

### ઘરવખરીનો મોટા ભાગનો સામાન બળી જતા ભારે નુકસાન

## બોડેલી તાલુકામાં બામરોલી ગામે આગની લપેટમાં એક મકાન બળીને ખાક



(પ્રતિનિધિ) બોડેલી, તા.5
બોડેલી તાલુકાના (વા) બામરોલી ગામે ભર બપોરે એક મકાનને આગની લપેટમાં લીધો બારીયા ફળિયામાં આવેલા રાઠવા કારૂભાઈ જગાભાઈ પોતાના બે ઓરડાના મકાનમાં પરિવાર ના 6 સભ્યો સાથે રહી ખેતી કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે.રવિવારે બામરોલી બારીયા ફળિયા માં કારૂ ભાઈ જગાભાઈ બપોરે બે વાગ્યા ની આસ પાસ પોતાના ઘર પાસે આવેલા ખેતર માં પરિવાર ના સભ્યો સાથે ખેતરમાં ગયા હતા ત્યારે તેવામાં ધુમાડા ના ગોટા નીકળતા હોવાનું એ રસ્તે જતા શખ્સે જણાવ્યું હતું કે તમારા ઘરમાં થી ધુમાડો નીકળે છે. આ સમગ્ર મામલે કારૂ ભાઈ ઘર પાસે દોડી આવ્યા હતા પરંતુ ભર ઉનાળે બપોર ના સમયે અચાનક લાગેલી આગ ને કાબુ માં લેવાનો આગ લાગતા આસપાસ ના લોકો દોડી આવ્યા હતા. અને આગને કાબુમાં લેવા પાણીનો મારો ચલાવ્યો હતો પરંતુ આગની વિશાળ જ્વાળા સામે માનવ નો જુસ્સો નબળો પડતા આખરે ઘરવખરી સહિત નો સામાન બળીને ખાખ થઈ ગયો હતો ત્યાર બાદ ગામ લોકો ની જેહમત બાદ આગ કાબુમા લેવાઈ હતી આગ ની ઘટના મામલે પૂર્વ લઘુમતી સમાજ પ્રમુખ ઈશાક ભાઈ એ ટેલિફોનીક સંપર્ક કરી ગામ લોકો ને એકઠા કરી આગ કાબુ માં લેવાનો પ્રયાસ કરતા કલાકો ની જહેમત બાદ આગ કાબુમા લેવાઈ હતી.

## ક્રાંતિ સૂર્યા તંત્યા ભીલ જન્મદિવસ નિમિતે દાહોદ ખાતે જયસ સંગઠન દ્વારા પ્રથમ કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધિ) દાહોદ, તા.5
જય બિરસામુંડા આદિવાસી યુવા સંગઠન ગુજરાત પ્રદેશ પ્રભારી શ્રીમતી તરૂલતા બેન હઠીલા પ્રદેશ અધ્યક્ષ શ્રી અલ્કેશભાઈ કિશોરીના દાહોદ જિલ્લા પ્રમુખ સુનિલભાઈ ભુરીયા, જિલ્લા પ્રભારી શનુ ભાઈ સંગાડા નેતૃત્વમાં ક્રાંતિ વીર ટાંટ્યા ભીલ જન્મદિવસ કાર્યક્રમ બી આર આંબેડકર હોલ ખાતે સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો.

પ્રોગ્રામ પેહલા દાહોદ સ્થિત ભગવાન બિરસામુંડા બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને ફૂલ માળા અર્પણ કરી જેમાં મુખ્ય અતિથિ. જયસ સંગઠન રાષ્ટ્રીય અધ્યક્ષ કમલ મંડલોઈ જી, સુપ્રીમકોર્ટ વકીલ આર આર બાગ જી, રાષ્ટ્રીય કવિ રાજુભાઈ ભારતી જી, જીતેન્દ્ર બિરલા જી ઉપસ્થિતિ રહ્યા સુપ્રીમ કોર્ટ વકીલ આર આર બાગ જી એ જણાવ્યું કે ભીલ રેજીનમેન્ટ બનવું જોઈએ આવનાર દશ વર્ષમાં દાહોદ જિલ્લાને આખરી હરોળ માંથી ઉઠાવીને આગળ લઈ જવા માટે જયસ સંગઠન કાર્ય કરશે.પ્રોગ્રામ માં ઉપસ્થિત સ્થાનિક યુવાઓ તથા ડાન્સ કાર્યક્રમ કરનાર બાળકોનું સિલ્ડ આપી સન્માન કરાયું. પ્રોગ્રામ બાદ જય બિરસામુંડા આદિવાસી યુવા સંગઠન દ્વારા વિવિધ માંગણીઓ લઈ ને જિલ્લા કલેકટરને આવેદન પત્ર આપવામાં આવ્યું. જેમાં પ્રમુખ માંગ તરીકે ભીલ રેજીનમેન્ટ બનાવવા પ્રધાનમંત્રી તથા રાષ્ટ્રપતિ ને લેખિત રજુઆત કરાઈ.

## કાલોલ તાલુકાના દેલોલ ગામે વાલ્મિકી રૂખી સમાજ ટ્રસ્ટ સેવા મંડળની બેઠક મળી



(પ્રતિનિધિ) કાલોલ, તા.5
કાલોલ તાલુકાના દેલોલ ગામે પ્રણામી મંડળ દેલોલ દ્વારા વાલ્મિકી રૂખી સમાજ ટ્રસ્ટ સેવા મંડળ ની બેઠક મળી હતી જેમાં ટ્રસ્ટના પ્રમુખ સોમાભાઈ હાઈ પાવર કમિટી અધ્યક્ષ કિરણભાઈ મહામંત્રી ભરતભાઈ અને દેલોલ ગ્રામ પંચાયતના સભ્ય મનોજભાઈ આ ટ્રસ્ટના આગેવાન હોય તેઓએ પોતાના ગામ દેરોલમાં સમગ્ર ટ્રસ્ટ મંડળની આવકારી સમાજના સભ્યો અને ટ્રસ્ટી મંડળનું અભિવાદન કર્યું હતું. મોટી સંખ્યામાં વાલ્મીક સમાજના ભાઈઓ બહેનો બાળકો એકત્રિત થયા હતા જેમાં વિવિધ કમિટી શિક્ષણ સમિતિ રમતગમત સમિતિ હાઈ પાવર કમિટીના સભ્યો અને અન્ય કમિટીઓની રચના કરી તેના સભ્યોની નિમણૂક કરવામાં આવી હતી સંગઠન મંત્રી રમેશભાઈ તલાટી હાલોલ નગરપાલિકા નગરસેવક નવીનભાઈ જંત્રાલય સરપંચ વિનોદભાઈ ગઢડા પ્રણામી મંદિરના સંત અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહી આ બેઠકમાં સોનામાં સુગંધ ઉમેરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અશોકભાઈ ચૌહાણ અને સુભાષભાઈ માસ્તર એ કર્યું હતુ.

## સંખેડાના રાયપુર બસ સ્ટેન્ડ પર ગંદકીનું સામ્રાજ્ય, સ્થાનિકોએ સફાઈની માંગ કરી

બસસ્ટેન્ડ પર આવતા જતા મુસાફરોને દુર્ગંધનો સામનો કરવો પડી રહ્યો છે



(પ્રતિનિધિ) સંખેડા, તા.5
સંખેડા તાલુકાના રાયપુર ગામના બસ સ્ટેન્ડ પર થોરિયા અને જંગલી વેલા ઊગી નીકળ્યા છે. આ ઘટનાને કારણે તંત્રની બેદરકારી સામે સવાલો ઉઠી રહ્યા છે, અને સ્થાનિકો દ્વારા બસ સ્ટેન્ડની તાત્કાલિક tv સફાઈ અને જાળવણીની માંગ કરવામાં આવી છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર, બસ સ્ટેન્ડ પર થોરિયા અને ઝાડી-ઝાંખરા ઊગી નીકળવાને કારણે મુસાફરોને ભારે મુશ્કેલી પડી રહી છે. બસ સ્ટેન્ડની આસપાસ ગંદકી અને જંગલી વનસ્પતિનો ફેલાવો થતાં લોકોને ત્યાં બેસવામાં પણ ડર લાગી રહ્યો છે. સ્થાનિકોએ તંત્રને આ મામલે તાત્કાલિક ધ્યાન આપીને બસ સ્ટેન્ડની સફાઈ કરાવવા અને તેની નિયમિત જાળવણી સુનિશ્ચિત કરવા વિનંતી કરી છે. તેમનું કહેવું છે કે સરકારી સુવિધાની યોગ્ય જાળવણી થવી જોઈએ જેથી તેનો હેતુ સાર્થક થાય અને લોકોને સુવિધા મળી રહે.

## છોટાઉદેપુરમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ અને AAP વચ્ચે ત્રિપાંખિયો મુકાબલો

જિલ્લા પંચાયતની ૩૨ અને તાલુકા પંચાયતોની ૧૫૦ બેઠકો માટે ૨૬ એપ્રિલે મતદાન; બોડેલી નગરપાલિકામાં પ્રથમવાર રસાકસી જામશે

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.5
ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું રણશિંગુ ફૂંકાઈ ગયું છે, ત્યારે છોટાઉદેપુર જિલ્લામાં પણ રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. આગામી ૨૬મી એપ્રિલે યોજાનારી ચૂંટણીમાં આ વખતે પરંપરાગત ભાજપ અને કોંગ્રેસની લડાઈમાં આમ આદમી પાર્ટી (AAP) એ એન્ટ્રી કરતા જંગ ત્રિપાંખિયો અને રસાકસીભર્યો બનવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. ચૂંટણીનું ગણિત અને બેઠકોની વિગત છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લા પંચાયતની કુલ ૩૨ બેઠકો માટે રસાકસી જામશે. આ ઉપરાંત જિલ્લાની વિવિધ તાલુકા પંચાયતોની બેઠકો પર પણ ઉમેદવારોનું ભાવિ નક્કી થશે.

**વિવિધ બેઠકો પર એક નજર**

| | |
|---|---|
| છોટાઉદેપુર તાલુકા પંચાયત | 26 બેઠકો |
| ક્વાંટ તાલુકા પંચાયત | 26 બેઠકો |
| બોડેલી તાલુકા પંચાયત | 24 બેઠકો |
| નસવાડી તાલુકા પંચાયત | 22 બેઠકો |
| સંખેડા તાલુકા પંચાયત | 18 બેઠકો |
| પાવી જેતપુર તાલુકા પંચાયત | 18 બેઠકો |
| કદવાલ તાલુકા પંચાયત | 18 બેઠકો |

વિશેષ આકર્ષણનું કેન્દ્ર નવરચિત બોડેલી નગરપાલિકા છે, જ્યાં પ્રથમવાર ૨૮ બેઠકો માટે ચૂંટણી યોજાવા જઈ રહી છે. આ બેઠકો પર વર્ચસ્વ જમાવવા ત્રણેય પક્ષોએ એડીચોટીનું જોર લગાવ્યું છે. ત્રિપાંખિયા જંગ સાથે ‘અપક્ષો’નો ડર અત્યાર સુધી ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જ સીધો મુકાબલો રહેતો હતો, પરંતુ આ વખતે આમ આદમી પાર્ટીએ તમામ બેઠકો પર ઉમેદવારો ઉતારવાની તૈયારી બતાવતા સમીકરણો બદલાયા છે. હાલમાં ત્રણેય પક્ષો દ્વારા ઉમેદવારોના નામોની પસંદગી પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે.

### વનવિભાગે મોરને સહી સલામત જંગલમાં છોડ્યો

## બોડેલીના મોટા કાંટવા ગામે કુવામાં પડેલા રાષ્ટ્રીય પક્ષી મોરનું રેસ્ક્યુ



(પ્રતિનિધિ) બોડેલી, તા.5
છોટાઉદેપુર જિલ્લામાં આવેલ બોડેલી તાલુકાના મોટા કાંટવા ગામે રાષ્ટ્રીય પક્ષી મોર નું રેસ્ક્યુ કરાયું પ્રાપ્ત માહિતી અનુસાર મોટા કાટવા ગામે રહેતા શંકરભાઈ તેરસિંહભાઈ રાઠવાના અછાલીયા ડુંગર પાસે આવેલા ખેતર ના ઊંડા કુવામાં રાષ્ટ્રીય પક્ષી મોર પડ્યું હતું કુવાની ઊંડાઈ વધુ પડતી હોવાથી મોર બહાર આવી શક્યું ન હતું જેથી કરીને એ બાબતની જાણ કુવાના માલિક શંકરભાઈ ને થતા તેઓએ બોડેલી વન વિભાગના RFO જ્યોત્સના બેન ને સમગ્ર મામલે ટેલીફોનિક જાણ કરી હતી જેના પગલે આરએફઓ તથા સ્ટાફ ના ફોરેસ્ટર ધવલભાઈ બારીયા તેમજ બીટગાર્ડ નિકુલ ચૌધરી તથા સચિન દેસાઈ સહિતનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી આવ્યો હતો અને લગભગ 40 ફૂટ થી વધુ ઊંડાઈ ધરાવતા કૂવામાં ઊતરી ફોરેસ્ટર ધવલભાઈ બારીયાએ રાષ્ટ્રીય પક્ષી મોરને સહી સલામત બહાર કાઢી જંગલ વિસ્તારમાં છોડી મૂકવામાં આવ્યું હતું જેથી કરીને કુવામાં માલિક શંકરભાઈ રાઠવા પણ આ કામગીરી જોઈ ખુશ થયા હતા અને સમગ્ર બાબતે મોર રાષ્ટ્રીય પક્ષી હોવાથી આ કામગીરી ખૂબ જ સરાહનીય છે એમ કહેવાય.

## સંખેડાના લોટીયા પાસે પાણીની લાઇનમાં લીકેજથી લાખો લિટર બગાડ: ગ્રામજનોએ લીકેજ વાલ્વ બદલવા કાર્યવાહીની માંગ કરી

**સંખેડા :** બ્રાન્ચ નર્મદા કેનાલ નજીક પાણી પુરવઠાની લાઇન પરનો વાલ્વ લીકેજ થતાં હજારો લિટર પાણીનો બગાડ થઈ રહ્યો છે. આ સમસ્યાથી સ્થાનિકોમાં રોષ વ્યાપ્યો છે. ગ્રામજનોએ પાણી પુરવઠા વિભાગને તાત્કાલિક પગલાં લેવા અને લીકેજ વાલ્વ બદલવાની માંગ કરી છે. તેઓના મતે, આ લીકેજને કારણે પાણીનો બગાડ તો થાય જ છે, પરંતુ અન્ય ગામોમાં જતાં પાણીનું પ્રેશર પણ ઘટી શકે છે. આના પરિણામે અનેક નાગરિકોને પાણીની અછતનો સામનો કરવો પડી શકે છે. તેથી, પાણીનો આ બગાડ અટકાવવા માટે તંત્ર દ્વારા સત્વરે કાર્યવાહી કરવી અનિવાર્ય છે.



### ગુજરાત સરકારે રેતીની લીઝમાં સમય મર્યાદાનો વધારો ન કરતા બેરોજગારી વધી

## સરકારને રોયલ્ટીની આવકમાં આર્થિક નુકસાન, ખનીજ પરિવહન કરતાં હજારો વાહનો થંભી ગયા



(પ્રતિનિધિ) બોડેલી, તા.5
સમગ્ર ગુજરાત ભરમાં સાદી રેતીની વધુ પડતી લીઝો 31 માર્ચ 2026 ના રોજ સમય મર્યાદા પૂર્ણ થવાના કારણે ગુજરાત ખનીજ વિભાગ દ્વારા લોક કરવામાં આવેલ છે.જે બાબતની સરકાર દ્વારા ચોક્કસ સમય પર નિર્ણય ન લેવામાં આવતા આજે રાજ્યભરમાં અંદાજિત 2500 ઉપરાંત સાદી રેતી ખનીજ ની લીઝો બંધ હાલતમાં જોવા મળે છે. જેને લઇ ખનીજ પરિવહન કરતું ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ પર પણ ભારે અસર જોવા મળે છે વધુ પડતી ખનીજ પરિવહન કરતી ટ્રાન્સપોર્ટ ની ગાડીઓ ઊભી થઈ ગઈ છે, જ્યારે એવું કહેવાય કે આત્મનિર્ભરતાની વાતો વચ્ચે ઉદ્યોગો પર સંકટ જોવા મળ્યો છે આત્મનિર્ભર ભારતની વાતો કરતી સરકાર ઘરઆંગણે જ ઉદ્યોગોને બચાવવામાં નિષ્ફળ રહી છે આ ખરેખર આર્થિક રીતે રાજ્યભરમાં ચિંતા નો વિષય બન્યો છે, આજે ખનીજ ઉદ્યોગ સાથે જોડાયેલા લાખો કામદારો બેરોજગાર થઇ ઘરે બેઠા , હોવાનું ચર્ચાઈ રહ્યું છે જેને લઇ તેમના પરિવારો ચિંતામાં મુકાયા છે કે તેમને પોતાની નોકરી પરત મળશે કે નહીં, ટ્રાન્સપોર્ટ વ્યવસાય ઠપ થવાથી – વાહનો ઉભા છે , લોનના હપ્તા બાકી રહેશે જેથી વાહન માલકો ચિંતામાં મુકાયા છે. આ સમગ્ર બાબતથી ખનીજ ઉદ્યોગ સાથે જોડાયેલા મજૂરો, ડ્રાઈવરો, લીઝ ધારકો અને તેમના પરિવારના ગુજરાન પર પણ ગંભીર અસર થવાની શક્યતાઓ દેખાઈ રહી છે આ માત્ર એક ઉદ્યોગનો મુદ્દો નથી – આ ગુજરાતના અર્થતંત્ર અને લાખો લોકોના જીવનનો પ્રશ્ન છે. એ પણ ચર્ચાનો વિષય બન્યો છે હાલ જ ઈરાન યુદ્ધને લઈ ગુજરાત ભરમાં ભારે ચડાવ- ઉતાર જોવા મળ્યા હતા લોકો યુદ્ધને લઈ મોંઘવારી, ગેસના બોટલ, પેટ્રોલ, ડીઝલ, બાબતની અછત ની અફવાઓથી હાલ બહાર જ આવ્યા છે અને ફરી આ બાબતે હજારો લોકોનો ગુજરાન પર અસર જોવા મળશે શું આ આર્થિક ઝટકો યોગ્ય છે? જેથી કરીને ખનીજ સાથે જોડાયેલા લોકોની માંગ ઉઠી છે કે તાત્કાલિક ધોરણે રેતી લીઝનો સમય વધારો આપવામાં આવે. જેથી લોકો આર્થિક માર થી બચી સકે.

## કાલોલ તાલુકામાં સગીરાને ભગાડી જનાર શખ્સ સામે ફરિયાદ

(પ્રતિનિધિ) કાલોલ, તા.5
કાલોલ તાલુકાના એક ગામમાં રહેતી ૧૫ વર્ષ ૪ માસની સગીર વયની દીકરીને આરોપી નાનજીભાઈ બકાભાઈએ પોતાની જાળમાં ફસાવી હતી. યુવતી સગીર હોવાનું જાણવા છતાં, આરોપી તેને લગ્ન કરવાના ઈરાદે લલચાવી-ફોસલાવીને તેના કાયદેસરના વાલીપણામાંથી પોતાની બાઈક પર બેસાડી તા ૧૭/૦૨/૨૬ ના રાત્રે દશ કલાક થી તા ૧૮/૦૨/૨૬ ના સવારે પાંચ કલાક દરમિયાન કોઈ પણ સમયે ભગાડી ગયો હતો. આ મામલે સગીરાના વાલીએ પોતાની દીકરી ગુમ થતા શોધખોળ આદરી હતી, પરંતુ કોઈ પત્તો ન લાગતા આખરે વેજલપુર પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો. વાલીની ફરિયાદના આધારે પોલીસે નાનજીભાઈ બકાભાઈ વિરુદ્ધ અપહરણ સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## કાલોલ તાલુકા પંચાયતની વેજલપુરની સામાન્ય સ્ત્રી બેઠક પર ભાજપ માંથી ચાર મહિલાઓ દાવેદારી નોંધાવી

આગામી દિવસોમાં જ્યારે ઉમેદવારના નામની સત્તાવાર જાહેરાત થશે, ત્યારે જ ચિત્ર સ્પષ્ટ થશે કે આ ચારમાંથી મેદાન કોણ મારી જાય છે!

(પ્રતિનિધિ) કાલોલ, તા.5
કાલોલ તાલુકા પંચાયતની વેજલપુર બેઠક વેજલપુરની સામાન્ય સ્ત્રી બેઠક માટે ભાજપમાં ટિકિટ મેળવવાનો જંગ હવે રસપ્રદ બન્યો છે. આ બેઠક પર એક-બે નહીં, પરંતુ ચાર મજબૂત મહિલા દાવેદારોએ પોતાની દાવેદારી નોંધાવી છે. પક્ષમાં ટિકિટ મેળવવા માટે જે નામોની ચર્ચા ચાલી રહી છે તે નીચે મુજબ છે: ભાજપના સંભવિત મહિલા ઉમેદવારોમાં મોહિનીબેન નિશાંતભાઈ શાહ, શીતલબેન સંજયભાઈ પટેલ, મેમુનાબીબી મેહબૂબ જમાલ અને લતાબેન સુરેશભાઈ પારવાનીનો સમાવેશ થાય છે. ભાજપ માટે આ ચારેય ઉમેદવારોમાંથી કોઈ એકની પસંદગી કરવી એ “સોયના નાકામાંથી દોરો પરોવવા” જેવું કામ છે.દ રેક ઉમેદવાર પોતાના વિસ્તારમાં પકડ ધરાવે છે. જ્ઞાતિ અને સામાજિક ગણિતઃ સામાન્ય બેઠક હોવાથી સામાજિક સમીકરણો પણ જીત માટે મહત્વના સાબિત થશે. હાલ આ બેઠક પર લઘુમતી સમાજના અપક્ષ ઉમેદવારનો કબજો છે ત્યારે લઘુમતી સમાજના વોટ પણ નિર્ણાયક બની રહેવાની શક્યતા વધી છે.જે ઉમેદવારની સંગઠન અને પાયાના કાર્યકરોમાં લોકપ્રિયતા વધુ હશે, તેના પક્ષમાં કળશ ઢોળાય તેવી શક્યતા છે.હવે જોવાનું એ રહેશે કે ભાજપ હાઈકમાન્ડ અનુભવને પ્રાધાન્ય આપે છે કે નવા ચહેરા પર ભરોસો મૂકે છે. આગામી દિવસોમાં જ્યારે ઉમેદવારના નામની સત્તાવાર જાહેરાત થશે, ત્યારે જ ચિત્ર સ્પષ્ટ થશે કે આ ચારમાંથી મેદાન કોણ મારી જાય છે!

આમ આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં કોનુ જોર વધે છે અને કોનુ જોર ઘટે છે તે આવનારો સમય અને મતદાતાઓનો મિજાજ જ બતાવી શકે તેમ છે હાલ તો તમામ પક્ષના ઉમેદવારો અને તેમના મળતીયાઓ ચૂંટણીમાં પાતાનાઓને જીતાડવા માટે એડીચોટીનુ જોર લગાવવામાં પડ્યા છે.